ગાંધીનગર સમાચાર
તા. ૧૧-૧૦-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### સાંસ્કૃતિક સંપદાનો અભિનિવેશ

ગુજરાત એક માત્ર એવું રાજય છે જેનું નવું વરસ દિવાળી પછીના કારતક મહિનાની પ્રતિપદા - એકમથી શરૂ થાય છે. દેશના અન્ય વિસ્તારોમાં ચૈત્રી પંચાગનું ચલણ છે અને દુનિયાએ ખ્રિસ્તી કેલેન્ડર સ્વીકારેલ હોઈ ડિસેમ્બરની છેલ્લી તારીખ પૂરી થતાં મધરાતે નવું વરસ બેસે છે. કચ્છમાં નવું વરસ આષાઢી બીજથી શરૂ થયેલું ગણાય છે અને પંજાબમાં બૈસાખી - લગભગ આપણી અખાત્રીજ અને અંગ્રેજી તારીખ ૧૩ એપ્રિલના દિવસે નવું વરસ બેસે છે. શારદીય નવરાત્રિ એ ગુજરાતનો સૌથી મોટો ઉત્સવ બની રહેલ છે. નવરાત્રીથી શરૂ કરી દિવાળી સુધી ગુજરાતીઓ દિવાળીના જ મૂડમાં રહેતા હોય છે. શરદ પૂનમને હવે નવો આયામ સાંપડી રહ્યો છે. સંત શિરોમણિ મોરારિ બાપુ એમના ટ્રસ્ટ દ્વારા અપાતો નરસિંહ મહેતા એવોર્ડ આ દિવસે અપાવા લાગ્યો છે. આ વર્ષે વિદ્યાનગર નિવાસી કવિ હરીશ મીનાશ્રુને અપાયેલ એવોર્ડ અગાઉ ગાંધીનગરના કવિ હરિકૃષ્ણ પાઠકને પણ મળી ચૂક્યો છે. ભવિષ્યમાં આપણા બે નીવડેલા આશાસ્પદ કવિઓ - દલપત પઢિયાર અને ભાગ્યેશ જહા પણ એમની પંગતમાં બિરાજશે એવી શ્રદ્ધા અસ્થાને નથી. ભાગ્યેશ જહાનું નામ આવે એટલે એક અધિકારીના લેબાસમાં ફરતો ફિરસ્તો નજરે ચડે. એમના સચિવપણા હસ્તક ખેલ મહાકુંભની ચાલી રહેલી ઉજવણી એ ગુજરાતના તરૂણોની ઉચ્ચાભિલાષી સ્પોર્ટ્સમેનશિપને પુરસ્કારવાની ઘટના છે. મૂળ વિચાર પૂર્વ મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો, પરંતુ એને મૂર્ત સ્વરૂપ રમતગમત, સંસ્કૃતિ અને યુવા વિકાસ પ્રવૃત્તિના સચિવ તરીકે સર્જનાત્મક દીર્ઘદષ્ટિ ધરાવતા કવિ ભાગ્યેશ જહા દ્વારા સાંપડ્યું. ૪ ઑક્ટોબરથી શરૂ કરી આખા મહિના સુધી ગુજરાતના ખૂણેખૂણે પથરાયેલી આપણી રમતસંપદાને અનેક ગરણે ગાળી શ્રેષ્ઠ રમતવીરો-વીરાંગનાઓને રાષ્ટ્ર સમક્ષ ભેટ ધરવાનો આ ઉપક્રમ ખરે જ પ્રશંસનીય છે. વર્તમાન મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ એમના શાળાકાળમાં 'વીરબાળા' છે. સ્વાભાવિક રીતે જ એમને પૂર્વ મુખ્યમંત્રીના આ ઉચ્ચાભિલાષી કાર્યક્રમને વધુ ઉત્સાહપૂર્વક આગળ ધરાવવાનું ગમે. આપણે એમને અને કાર્યક્રમથી લાભાન્વિત થનાર તરૂણ વયનાં ગૂર્જરજનોને શુભેચ્છા પાઠવીએ. આપણો ગુજરાતી ખેલાડી પણ કયારેક એશિયાડ અને આલિમ્પિકમાં ગોલ્ડ લઈ આવશે તો એના પાયામાં આ ખેલ મહાકુંભ દ્વારા પુરી પડાયેલી પૂર્વભૂમિકા જ હશે. આનંદીબેન ખાદીની સાડી પહેરીને પરણ્યાં હતા. ખાદી એમના પિતૃસંસ્કાર છે. ખાદી ઉત્સવ પણ એમને મન શરદ પૂનમ કે દિવાળી જેટલો જ મહત્ત્વનો તહેવાર છે. ગુજરાત રાજયના સાંસ્કૃતિક વિભાગ દ્વારા જ આપણને ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ નીકળતું 'શબ્દસૃષ્ટિ' જેવું ઉત્તમ માસિક ઉપલબ્ધ થતું રહે છે. 'શબ્દ સૃષ્ટિ' ને અત્યાર સુધી સુમન શાહ, જયોતિષી જાની અને પ્રવીણ દરજી ઉપરાંત હર્ષદ ત્રિવેદી જેવા ઉત્તમ સંપાદકો પ્રાપ્ત થયા છે. 'શબ્દ સૃષ્ટિ'ના અગાઉના દીપોત્સવી અંકો પણ સંગ્રહણીય બની રહેલ છે. આ વખતના દિવાળી અંકની પરિકલ્પના હર્ષદ ત્રિવેદીની જ છે : ગુજરાતી ભાષાસાહિત્યના પ્રબુદ્ધ વિવેચકોની કેફિયત રજૂ કરતું આ સંપાદન પણ ગુણવત્તાપૂર્ણ છે. ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતો દીપોત્સવી અંક એ આપણી રાજય સરકાર દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યને અપાતી શ્રેષ્ઠ અંજલી છે. એક સૂચન કરવાનું મન થાય. અત્યાર સુધીના ગુજરાત દીપોત્સવી અંકોમાં પ્રકાશિત થયેલું ઉત્તમ સાહિત્ય ગ્રંથસ્થ કરીને અલગ અલગ સાહિત્યિક પ્રકારોનાં સંપાદકો ચુનંદા વિદ્વાનો પાસે કરાવવામાં આવે તો પચાસ વરસના ગુજરાતી સાહિત્યનું સરવૈયું સાંપડશે, આવું દસ્તાવેજી કાર્ય આનંદીબેન પટેલની સરકારના સમયગાળામાં થાય એવી શુભેચ્છા સર પ્રસ્તુત દીપોત્સવી અંકના સંપાદકો સહિત રાજયના સમસ્ત સંસ્કૃતિ વિભાગને હાર્દિક અભિનંદન!



### પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ

વન્યપ્રાણી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વનશ્રી ટ્રસ્ટ દ્વારા પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં મોટી સંખ્યામાં નગરજનોએ ભાગ લઈ પોતાના વિચારો પોસ્ટરમાં રજુ કર્યા હતા. જેમાં ચાર વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.



વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા એલ.ડી.આર.પી. કોલેજમાં નવરાત્રીને અનુલક્ષીને વિવિધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં આરતીની થાળી સજાવટ, ગરબાની મટકી સજાવટ જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધામાં એન્જીનિયરીંગની વિવિધ શાખાઓની ૧૨૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

# બાપુ નોલેજ વિલેજ ઈન્સ્ટીટ્યુટમાં એક દિવસીય નેશનલ સેમિનાર યોજાયો

## સમાજમાં તમારી ગણના થાય તેવુ કાર્ય કરો : મહેન્દ્રસિંહ

ગાંધીનગર, તા. ૧૦
ગાંધીનગર-માણસા હાઈવે પર આવેલ શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી ખાતે એક દિવસીય 'મોર્ડન ડ્રગ ડીસ્કવરી-એ ચેલેન્જ' નેશનલ સેમિનાર યોજવામાં આવ્યો હતો.





વાસણમાં આવેલ બાપુ નોલેજ વિલેજ ઈન્સ્ટીટ્યુટ ખાતે એસોસિએશન ઓફ ફાર્મસી પ્રોફેશનના સહયોગથી એક દિવસીય નેશનલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, ધારાસભ્ય બાયડ, ભરતસિંહ વાઘેલા, ડૉ. બી.એન. સુહાગીઆ અને એપીપીના ડૉ. જે.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મહેન્દ્રસિંહ વાઘેલાએ વિદ્યાર્થીઓને સંબોધન કરતા કહ્યુ હતું કે જીવનમાં સખત મહેનત કરી તમારો બાયોડેટા મજબૂત બનાવી સમાજ ઓળખાણ બનાવો તેમજ સમાજની સેવા માટેની જવાબદારી સંભાળવા આગળ આવો. તેમજ ડૉ. રાજીવ દહીયા, ડૉ. સંજીવ સરકાર, ડૉ. કશ્યપ નગારીયાએ પ્રાસંગીક સંબોધન કર્યુ હતું. આ પ્રસંગે બેસ્ટ ઓરલ પ્રેઝન્ટેશનનો એવોર્ડ ડૉ. ઉજાસ શાહને આપવામાં આવ્યો હતો.

## આજે ટાઉનહોલમાં વાર્તા મંડાશે : 'પ્રેમને જો વાચા હોત તો?'

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા તા. ૧૧મી ઓકટોબરે રાત્રે ૯.૧૫ કલાકે ટાઉનહોલ ખાતે વાર્તા કથનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ચેરમેન યોગેશભાઈ ગઢવી વાર્તા કથન કરશે અને આ વાર્તાનો વિષય 'પ્રેમને જો વાચા હોત તો?' રાખવામાં આવ્યો છે.

વાર્તાકથન અને વાર્તા શ્રવણ એ માનવજાતના હંમેશા રસના વિષયો રહ્યા છે. સંસ્કૃતિ સંસ્થા દ્વારા એક નવતર પ્રયોગ રૂપે વાર્તા કથનનો અદભૂત કાર્યક્રમ યોજવામાં આવ્યો છે અત્યારે સાહિત્ય જગતમાં વાર્તા લખાય છે, વાર્તા વંચાય છે અને વાર્તા જોવાય છે પરંતુ વાર્તા સાંભળવાના પ્રસંગો ઘટતા જાય છે. વાર્તા સાંભળવાની આ કલાને ખિલવવા આ વાર્તા કથનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

## શહેરની બે વિદ્યાર્થીની પ્રિ. રીપબ્લીક પરેડમાં પસંદગી પામી

ગાંધીનગર, તા.૧૦
ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ એન.એસ.એસ. યુનિટની વિદ્યાર્થીની પ્રિ. રપલ્બીક ડે કેમ્પમાં પસંદગી પામી છે આગામી ૧૨ થી ૨૧મી ઓકટોબર દરમિયાન આંધ્રપ્રદેશના રાજમુદરી ખાતે પ્રિ. રીપબ્લીક પરેડ યોજવામાં આવશે. જેમાં નાથીબા કોલેજ સેકટર-૨૩ એન.એસ.એસ. યુનિટની ટી.વાય.બી.એ. ની કુ.દેવાંશી પોકાર અને ટી.વાય.બી.કોમ.ની કુ. માનસી મેંદપરાની પસંદગી કરવામાં આવી છે. રાજયમાંથી ૪૪ વિદ્યાર્થીઓમાં કોલેજની બે વિદ્યાર્થીનીઓની પસંદગી થવાથી કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## ઈબોલા કૃતિ જિલ્લાકક્ષાએ પંસદગી પામી

ગાંધીનગર, તા. ૧૦
શ્રી વાસુદેવ વિદ્યાલય બી.બી.એસ. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ વિભાગ-એ વિજ્ઞાન પ્રદર્શનમાં 'ઈબોલા' કૃતિ રજુ કરી હતી. જે જિલ્લાકક્ષાએ પસંદગી પામી છે. તેમજ કલોલ તાલુકા પૂર્વ વિભાગ યુવા ઉત્સવ ઈસંડ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં શાળાએ સતત સાતમી વાર ફરતો શિલ્ડ મેળવ્યો છે.

## હરિની દ્રષ્ટિ...




**સાહેબ, પેલા અમારી સામે ખાય અને અમે જોતા રહીએ... તે માનવ અધિકારનું હનન થાય તેમ છે... માટે કહીએ છીએ...**

## બાલવાનો ખેલ મહાકુંભની રસ્સા ખેંચમાં વિજય

ગાંધીનગર, તા. ૧૦
ખેલ મહાકુંભ-૧૪ ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાકક્ષાની રસ્સાખેંચની સ્પર્ધા ડભોડા મુકામે યોજાઈ જેમાં અન્ડર-૧૬ ભાઈઓમાં જયદીપ, મીત, અવિનાશ, નાગેશ, સાવન, અજય, જયમિન, મૌલિક, વિપુલ આ ટીમ રનર્સઅપ થઈ હતી. અન્ડર-૧૬ બહેનો મૈત્રી, શિવાની, પિન્કી, નિશા અંજલિ, શિતલ, સૃષ્ટિ, નિલમ, વિરલ આ ટીમ રનર્સઅપ થઈ હતી. અબવ-૧૬ બહેનો - રીંકુ, હિના, અર્પિ, પ્રિયંકા, રમિલાબેન, નિલમબેન, નયનાબેન, પુરીબેન પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. અબવ-૪૫ બહેનો કમુબેન, હિરાબેન, કાન્તાબેન, અંબાબેન, રંજનબેન, લીલાબેન, રંજનબેન, કમુબેન પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. અબવ-૬૦ ભાઈઓ - વેલજીભાઈ, જીવણભાઈ, ડાહ્યાભાઈ, અમૃતભાઈ, વરવાભાઈ, અમૃતભાઈ, રામાભાઈ, વરવાભાઈ, રણછોડભાઈ પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. તેમજ અબવ-૧૬ ભાઈઓ, અબવ-૪૫ ભાઈઓનો તૃતિય ક્રમ પ્રાપ્ત થયો હતો.

આ ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલે માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્ય પરમાર અર્જુનસિંહ બી. શાળાના પ્રમુખ અને ટ્રસ્ટીઓએ સૌને અભિનંદન આપ્યા હતા.



## જ્ઞાનકુંભ
- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં ભારતની સુપ્રીમ કોર્ટ દ્વારા અરૂણા શાનબૌગ મુદ્દે દિશાનિર્દેશ આપવામાં આવ્યો છે આ મુદ્દો કઈ બાબત સાથે સંબંધ ધરાવે છે?
→ **ઇચ્છા મૃત્યુ**
૨. ૨૦૧૪ પ્રેમ ભાટિયા પુરસ્કાર કોણે જીત્યો હતો ?
→ **સ્મિતા ગુપ્તા**
૩. ૨૦૧૪માં ઓડિસાના કયા માઓવાદી નેતાને પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યા છે?
→ **સબ્યસચિ પાંડા**
૪. ૨૦૧૪માં ભારતમાં કયા રાજયમાં વિશ્વનો સૌથી ઊંચો રેલ બ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે?
→ **જમ્મુ કાશ્મીર**
૫. ૨૦૧૪માં તેલંગાણા વિધાન પરિષદના અધ્યક્ષ તરીકે કોની પસંદગી કરવામાં આવી છે?
→ **સ્વામી ગૌડ**
૬. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહિલા સદ્ભાવના દૂત તરીકે કોની વરણી કરવામાં આવી છે ?
→ **એમ્મા વોટ્સન**
૭. ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે કોલસા કૌભાંડમાં વિશેષ સરકારી વકીલ તરીકે કોની વરણી કરી છે ?
→ **આર.એસ. ચીમા**
૮. ૨૦૧૪માં ગુગલના બિઝનેશ પ્રમુખ પદેથી કોણે પોતાનું રાજીનામું આપી દીધું હતું ?
→ **નીકેશ અરોરા**
૯. ૨૦૧૪માં નાશાના પ્રથમ ડિસ્કવરી ફલાઈટના કયા લીડરનું ૮૦ વર્ષની ઉંમરે નિધન થવા પામ્યું હતું ?
→ **હેનરી હેંક હાર્ટ્સ ફિલ્ડ**
૧૦. ૨૦૧૪માં ન્યુઝ એક્સ ચેનલના કયા મુખ્ય સંપાદક અને વરિષ્ઠ પત્રકારનું તાજેતરમાં નિધન થવા પામ્યું હતું ?
→ **જહાંગીર પોચા**
૧૧. ૨૦૧૪માં વિશ્વ હિન્દુ પરિષદના કયા વરિષ્ઠ નેતાનું નિધન થવા પામ્યું હતુ?
→ **ગિરિરાજ કિશોર**
૧૨. ૨૦૧૪માં ગંગા નદી અભિયાન માટે ઉપવાસ કરી રહેલા કયા સંતનુ નિધન થવા પામ્યું હતુ ?
→ **નાગનાથ**
૧૩. ૨૦૧૪માં રિયલ મેડ્રિડ ફુટબોલ કલબના કયા મહાન ખેલાડીનું તાજેતરમાં નિધન થવા પામ્યું હતુ ?
→ **અલ્ફ્રેડો ડિ સ્ટીફેનો**
૧૪. ૨૦૧૪માં ભારતની પ્રથમ કૉલેજ કઈ છે, જેના અરજીપત્રકમાં ત્રીજા લિંગ માટેની શ્રેણીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
→ **ફર્ગ્યુસન કોલેજ (પુણે)**
૧૫. ૨૦૧૪માં ભારતમાં શરીયત કોર્ટોને કાનૂની માન્યતા નથી તેવો ચુકાદો કઈ કોર્ટે આપ્યો હતો ?
→ **સુપ્રીમ કોર્ટ**
૧૬. ૨૦૧૪માં થયેલ સર્વે મુજબ ટોકિયો પછી વિશ્વનું સૌથી વધુ વસ્તી ધરાવતું શહેર કયું છે?
→ **દિલ્હી (૨.૫ કરોડ વસ્તી)**
૧૭. ૨૦૧૪માં અમેરિકાના નોર્થ કેરોલિના ટાપુઓ પર કયુ વાવઝોડું આવ્યું હતું ?
→ **આર્થર**
૧૮. ૨૦૧૪માં ભારતના ખયા ખ્યાતિપ્રાપ્ત કૃષિ વૈજ્ઞાનિકને એમ્બેસેડર ઓફ ગુડવિલ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા?
→ **એમ. એસ. સ્વામિનાથન**
૧૯. ૨૦૧૪માં કયા રમતવીરને શ્રેષ્ઠ ઈન્ટરનેશનલ એથ્લીટનો પુરસ્કાર આપવામાં આવ્યો હતો?
→ **ક્રિસ્ટિયાનો રોલાન્ડો**
૨૦. ૨૦૧૪માં પદ્મવિભૂષણથી સન્માનિત કયા વૈજ્ઞાનિકને ડૉ. મોહન ધારિયા રાષ્ટ્ર નિર્માણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?
→ **ડો. રઘુનાથ માશેલકર**
૨૧. ૨૦૧૪માં ગુજરાતી મહિલા શૂટર લજ્જા ગોસ્વામીને કઈ યોજના અંતર્ગત રાજય સરકાર દ્વારા રૂા. ૧૦ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો?
→ **શક્તિદૂત**
૨૨. ૨૦૧૪ દેશમાં સૌપ્રતમ ગુજરાતના કયા સ્થળે પોલીસ ફરિયાદની નોંધણી કરતા મશીનનું લોકાર્પણ કરાયું હતું?
→ **સાણંદ**
૨૩. ૨૦૧૪માં ગુજરાતના અમદાવાદમાં આવેલ કયા સ્થળની પાકિસ્તાનથી આવેલા ડેલિગેશને મુલાકાત લીધી હતી?
→ **સાબરમતી રિવરફ્રન્ટ**
૨૪. ૨૦૧૪માં ગુજરાત હાઈકોર્ટના એડિશનલ એડવોકેટ જનરલ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **પ્રકાશ કે. જાની**
૨૫. ૨૦૧૪માં ગુજરાતના કયા વરિષ્ઠ ફોટો જર્નાલિસ્ટનું નિધન થવા પામ્યું હતું?
→ **અનુભાઇ શાહ**
૨૬. ૨૦૧૪માં ગુજરાતની કઇ નદી પર 'ઝીપ લાઇન' રાઇડ બનાવવામાં આવી છે?
→ **સાબરમતી (રિવરફ્રન્ટ)**
૨૭. ૨૦૧૪માં ગુજરાતની કઈ ચાર સફળ યોજનાનો કેન્દ્રીય બજેટમાં સમાવેશ કરવામાં આવ્યો છે?
→ **(૧) દિનદયાળ ઉપાધ્યાય ગ્રામ જયોતિ યોજના (૨) વનબંધુ યોજના (૩) શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન મિશન (૪) બેટી બચાવો**
૨૮. ૨૦૧૪માં રજૂ થયેલા વર્ષ ૨૦૧૩-૧૪ના આર્થિક સામાજિક સમીક્ષાના અહેવાલ મુજબ કેટલા ટકાના દરે ગુજરાત કુલ ઘરઘથ્થુ ઉત્પાદન વૃદ્ધિ દર હાંસલ કર્યો છે?
→ **૮ ટકા**
૨૯. ૨૦૧૪માં ગુજરાત હાઈકોર્ટના કુલ કેટલા જજોની નિમણૂંક કરવામાં આવી છે
→ **ચાર**
૩૦. ૨૦૧૪માં શરૂ કરવામાં આવેલી પ્રધાનમંત્રી જન ધન યોજનામાં ૨૬ જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં કેટલા બેંક ખાતા ખોલવાનું નક્કી કરવામાં આવ્યું છે?
→ **૭.૫ કરોડ**
૩૧. ૨૦૧૪માં જાપાને આગામી પાંચ વર્ષમાં ભારતીય અર્થવ્યવસ્થામાં કેટલી ધન રાશીનું નિવેશ કરવાની જાહેરાત કરી છે?
→ **૩૫.૫ અરબ ડોલર**
૩૨. ૨૦૧૪માં નિધન પામનારા માયા રાવ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા?
→ **કથક નૃત્ય**
૩૩. ૨૦૧૪માં એશિયાઇ હોકી મહાસંઘે કયા જુનિયર પુરૂષ ખેલાડીને વર્ષનો શ્રેષ્ઠ ખેલાડી જાહેર કર્યો છે?
→ **મનપ્રીતસિંહ**
૩૪. ૨૦૧૪માં IIT પરિષદમાં પ્રથમ મહિલા નિર્દેશક પદે કોની નિયુકતિ કરવામાં આવી છે?
→ **ટેસી થોમસ**
૩૫. ૨૦૧૪માં 'ગૉડ ઓફ અંટાર્કટિકા' ઉપન્યાસ કોના દ્વારા લખવામાં આવી છે?
→ **યશવર્ધન શુક્લા**
૩૬. ૨૦૧૪માં નાશા શાંતિવાર્તા માટે વાર્તાકાર તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
→ **આર. એન. રવિ**
૩૭. ૨૦૧૪માં નાલંદા વિશ્વવિદ્યાલયમાં કુલપતિ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ **ગોપા સંભરવાલ**
૩૮. ૨૦૧૪માં નો યોર રાઈટ્સ પોર્ટલ કયા મંત્રાલયે શરૂ કરી છે?
→ **નાગરિક ઉડ્ડયન મંત્રાલય**
૩૯. ૨૦૧૪માં કઈ સમિતિએ ભારતમાં ડીમ્ડ વિશ્વ વિદ્યાલયો પર પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો?
→ **એચ. દેવરાજ સમિતિ**
૪૦. ૨૦૧૪માં મેન બુકર પુરસ્કાર માટે નામાંકિત થનાર ભારતીય મૂળના એક માત્ર વ્યક્તિ નીલ મુખર્જીની પુસ્તક કઇ છે?
→ **ધ લાઇવ્સ ઓફ અધર્સ**
૪૧. ૨૦૧૪માં કઈ ભારતીય ફિલ્મને વેનિસ ફિલ્મ સમારોહમાં સર્વેશ્રેષ્ઠ પ્રથમ ફિલ્મને 'લાયન ઓફ ધ ફયુચર'નો પુરસ્કાર જીત્યો હતો?
→ **કોર્ટ**
૪૨. ૨૦૧૪માં ભારતની કયુ પરમાણુ સંયત્ર (પ્લાન્ટ) વિશ્વમાં બીજા સૌથી લાંબા સમય સુધી ચાલનારો પરમાણુ રિએક્ટર બની ગયો છે?
→ **સાવતભાટા-૫**
૪૩. ૨૦૧૪માં કયા રાજયમાં કોરલ ગાર્ડનની સ્થાપના કરવામાં આવી રહી છે?
→ **ગુજરાત**
૪૪. ૨૦૧૪માં કયા રાજયના ગરીબો માટે જરૂરિયાત આધારિત વિકાસ યોજના શરુ કરવામાં આવી છે?
→ **દિલ્હી**
૪૫. ૨૦૧૪માં ફ્રેંક વાલ્ટર સ્ટીન્મીયર ભારતની યાત્રાએ આવ્યા હતા તે કયા દેશના વિદેશ મંત્રી છે?
→ **જર્મની**
૪૬. ૨૦૧૪માં ૧૯માં પશુધન ગણતરી દરમિયાન કયા પશુની સંખ્યામાં સૌથી વધુ ઘટાડો નોંધાયો છે?
→ **ગધેડા**
૪૭. ૨૦૧૪માં આયોજીત રાષ્ટ્રીય પોષણ સપ્તાહનો વિષય કયો હતો?
→ **પોષક આહાર દેશ કા આધાર**
૪૮. ૨૦૧૪માં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી સમગ્ર ભારતમાં કયારે કરવામાં આવી હતી?
→ **૧ સપ્ટેમ્બર-૭ સપ્ટેમ્બર**
૪૯. ૨૦૧૪માં જમ્મુ કાશ્મીરમાં પુરના પીડીતોની મદદ માટે સેનાએ કયા મિશનની શરૂઆત કરી છે?
→ **મિશન સહાયત**
૫૦. ૨૦૧૪માં WHO ના રીપોર્ટ મુજબ વિશ્વના કયા દેશમાં સૌથી વધુ આત્મહત્યાના કિસ્સા પ્રકાશમાં આવી રહ્યા?
→ **ભારત**
૫૧. ૨૦૧૪માં સતત ત્રીજી વખત કઈ ટેનિસ ખેલાડીએ યુએસ ઓપન ટેનિસનો ખિતાબ જીતી નવો વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો છે?
→ **સેરેના વિલિયમ્સ**
૫૨. ૨૦૧૪માં સમગ્ર દેશમાં સૌ પ્રથમ આરોગ્ય અદાલત શરૂ કરનાર રાજય કયું છે?
→ **કર્ણાટક**
૫૩. ૨૦૧૪માં એશિયા પેસિફિક ફોરમનું સંમેલન ભારતના કયા શહેરમાં યોજાયું હતું?
→ **નવી દિલ્હી**
૫૪. ૨૦૧૪માં નાટો શિખર સંમેલન કયા દેશમાં યોજાયું હતું?
→ **બ્રિટન (યુ.કે.)**
૫૫. ૨૦૧૪માં ભારતે કઈ બિમારી માટે જાપાન પાસે સહયોગની માંગ કરી છે?
→ **સિકલસેલ એનિમિયા**
૫૬. ૨૦૧૪માં યુરેનિયમની આયાત માટે ભારતે કયા દેશ સાથે સંધી કરારો કર્યા છે?
→ **ઓસ્ટ્રેલિયા**
૫૭. ભારતનું કયું રાજય ઉર્દુનો બીજી રાજકીય ભાષા તરીકે સમાવેશ કરે છે?
→ **ઉત્તરપ્રદેશ**
૫૮. ૧૭મી એશિયાઈ રમતોત્સવનો વિષય કયો હતો?
→ **એશિયા કે ભવિશ્ય સે મિલો**
૫૯. તાજેતરમાં માનસરોવર યાત્રા માટે કયો પહાડી દરા ખોલવામાં આવ્યો છે?
→ **નપ્થુલા દરા**
૬૦. તાજેતરમાં અમેરીકી સેનેટ એ કયા દિવસને અમેરીકા ભારત સાજેદારી દિવસ તરીકે જાહેરાત કરી છે?
→ **૩૦ સપ્ટેમ્બર**
૬૧. ચુમાસ સીમાં ક્ષેત્ર જયાંથી તાજેતરમાં ચીની સૈનિકોએ ભારતમાં ઘુસણખોરી કરી છે તે કયા રાજયમાં છે?
→ **જમ્મુ કાશ્મીર**
૬૨. બ્રાઝિલ ફુટબોલ વિશ્વ કપ વિજેતા કયો ખેલાડી ભારતીય સુપર લીગ માટે ટીમના કોચ તરીકે એફસી ગોવામાં સામેલ કરવામાં આવશે?
→ **જિકો**
૬૩. તાજેતરમાં કઈ કંપનીએ એન્ડ્રોઈડ વન ફોન શ્રેણી શરુ કરી છે?
→ **ગૂગલ**
૬૪. અલીબાબાને તાજેતરમાં આઈપીઓમાંથી ૨૫ અરબ ડૉલર ની કમાણી કરી છે આ કયા દેશ સાથે સંબંધ ધરાવે છે?
→ **ચીન (વાણિજય કંપની છે)**
૬૫. યુકે સાથે સ્કોટલેન્ડની સ્વતંત્રતામાટે આયોજીત જનમત સંગ્રહનું પરિણામ શું આવ્યું હતું?
→ **સ્વતંત્રતા વિરુદ્ધ મતદાન**
૬૬. ટાઈમ મેગેઝીન દ્વારા તાજેતરમાં ભારતીય મુળના કયા વ્યકિતની 'કાલના યુવા નેતા' તરીકે પસંદગી કરવામાં આવી છે?
→ **આલોક શેટ્ટી**
૬૭. ચીન આગામી પાંચ વર્ષમાં ભારતમાં કેટલી ધન રાશીનું ઈનવેસ્ટમેન્ટ કરશે?
→ **૨૦ અરબ ડોલર**